# આસપાસ ચોપાસ



## ગૌણ વનપેદાશો પર નિર્ભર નિવાલ્દા હવે સરકારી સેવાઓમાં અગ્રેસર



નિવાલ્દાનો ઇતિહાસ અને તેનું પરિવર્તન ખરેખર જાણવા જેવું છે. ભૂતકાળમાં આ ગામના લોકો મુખ્યત્વે ખેતી, ખેતમજૂરી અને પશુપાલન જેવા વ્યવસાયો પર નિર્ભર હતા. સાતપુડાની પર્વતમાળાઓ વચ્ચે વસેલું હોવાથી, તે સમયે લોકો જંગલમાંથી મહુડાનાં ફૂલ અને બી, ખાખરાનાં પાન, ટીમરુનાં પાન, સાગનાં બી તેમજ કરંજનાં બી જેવી ગૌણ વનપેદાશો એકઠી કરતા. આ પેદાશોનું વેચાણ કરીને તેઓ પોતાનું ગુજરાન ચલાવતા હતા. એ સમયે ખોરાકમાં પણ કુદરત પર નિર્ભરતા વધુ હતી; લોકો જંગલમાંથી કંદમૂળ મેળવીને ખાતા હતા. જો કે, સમયની સાથે જીવનશૈલી બદલાઈ છે અને હવે અહીંના લોકોના ભોજનમાં પરંપરાગત ગુજરાતી વાનગીઓએ સ્થાન લીધું છે. સૌથી મોટું પરિવર્તન શિક્ષણને કારણે આવ્યું છે. ગામના યુવાનો શિક્ષિત થતાં હવે તેઓ માત્ર પરંપરાગત વ્યવસાયો સુધી સીમિત ન રહેતા, સરકારી નોકરીઓ અને અન્ય વ્યવસાયોમાં પગભર થયા છે. શિક્ષણ અને નવી તકોને કારણે આજે નિવાલ્દાના લોકોનું જીવનધોરણ ઘણું સુધર્યું છે.

## અમેરિકામાં સ્થાયી થયેલા ડહેલીના ભૂપતસિંહ સુરતીયા સાચા અર્થમાં 'મળવા જેવા માણસ'



સમાજમાં કોઈપણ કાર્ય માટે સદૈવ અડીખમ ઊભા રહી, લોકોના માન-સન્માન અને આશીર્વાદ પ્રાપ્ત કરનાર વ્યક્તિને જ સાચા સામાજિક આગેવાન ગણી શકાય. વાલિયાના ડહેલી ગામના વતની 75 વર્ષીય ભૂપતસિંહ ન્હારસિંહ સુરતીયા આજે સાત સમંદર પાર અમેરિકામાં વસ્યા હોવા છતાં પોતાની માતૃભૂમિ અને સેવાના ભાવ સાથે અતૂટ નાતો ધરાવે છે. ગરીબ પેઢીના ઉત્થાનનો પ્રશ્ન હોય કે સામાજિક સમસ્યાઓનો નિકાલ, ભૂપતસિંહ હંમેશાં બે ડગલાં આગળ રહીને મદદરૂપ થવા માટે જાણીતા છે. ભૂપતસિંહનું જીવન સંઘર્ષ અને સંસ્કારોની સરવાણી સમાન છે. બાળપણમાં ડહેલીમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ તેઓ ઉચ્ચ અભ્યાસ માટે સુરતની એમ.ટી.બી. કોલેજમાં જોડાયા હતા. જો કે, અભ્યાસકાળ દરમિયાન જ તેમના પિતાજીને કેન્સર જેવી ગંભીર બીમારી ડિટેક્ટ થતાં આકાશમાં ઊડતી પાંખો કપાઈ ગઈ હોય તેવો અહેસાસ તેમને થયો હતો. પિતાની છત્રછાયા અને જવાબદારીઓ ખાતર વર્ષ 1972-73માં અભ્યાસ છોડી તેઓ ડહેલી પરત ફર્યા અને ખેતીકામમાં જોતરાયા. તેમના પિતા ન્હારસિંહ રામબાજી સુરતીયા ડહેલી ગામના પ્રથમ સરપંચ હતા અને પોતાની ન્યાયપ્રિયતાને કારણે સતત ચાર ટર્મ સુધી ગામની સેવા કરી હતી, જેનો સેવાનો વારસો ભૂપતસિંહને ગર્ભશ્રીમંતમાં મળ્યો હતો. માટીએડના પ્રતિષ્ઠિત પરિવારમાં મધુબા સાથે લગ્નગ્રંથિથી જોડાયેલા ભૂપતસિંહ વર્ષ-2000માં પરિવાર સાથે અમેરિકા સ્થાયી થયા. તેમનો સ્વભાવ વિનમ્ર અને એટલો મળતાવડો છે કે વિદેશની હાઈ-ફાઈ જિંદગી વચ્ચે પણ વતનના લોકો સાથેનો તેમનો લગાવ જરાય ઓછો થયો નથી. તેમનો એકમાત્ર પુત્ર નિમેષકુમાર પણ પિતાની આ પરંપરાને સુપેરે નિભાવી રહ્યો છે. નિમેષકુમારનાં લગ્ન રાજવીનગરી રાજપીપળાના સ્વ.રત્નસિંહ મહીડાનાં પૌત્રી ભીષ્માબા સાથે થયાં છે અને આજે આ પરિવાર અમેરિકામાં સુખી-સંપન્ન જીવન જીવી રહ્યો છે. સેવાની વાત કરીએ તો, ભૂપતસિંહની ભાવના ઉચ્ચ કોટીની રહી છે. આજથી લગભગ 30 વર્ષ પહેલાં જ્યારે ગામના ગરીબ બાળકોને ભણવામાં મુશ્કેલી પડતી, ત્યારે તેઓ એકપણ રૂપિયો લીધા વિના નિઃશુલ્ક ટ્યુશન આપતા હતા. અમેરિકા ગયા પછી પણ તેમણે બે આદિવાસી દીકરીઓના ધોરણ-12 સુધીના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. છેલ્લાં 25 વર્ષથી તેઓ અમેરિકામાં રહીને ખાસ કરીને રાજપૂત સમાજનાં યુવક-યુવતીઓના સગપણ કરાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. અત્યાર સુધી અનેક પરિવારોને એક કરનાર ભૂપતસિંહ કહે છે કે, "જે યુવક-યુવતીનું સગપણ થાય છે, તેમના તરફથી મળતા છૂપા આશીર્વાદ જ મારી સાચી કમાણી છે." આ માટે તેઓ રિઝ્યુમની સુરક્ષા અને ગોપનીયતાનું પણ ખાસ ધ્યાન રાખે છે. ખરેખર, પોતાની માટી માટે કંઈક કરી છૂટવાની તમન્ના રાખતા ભૂપતસિંહ સુરતીયા સાચા અર્થમાં 'મળવા જેવા માણસ' છે.

# શિક્ષણની ધરોહર અને હાઈટેક ગણાતી નિવાલ્દા પ્રાથમિક શાળા









ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય સંયુક્ત હતા તે સમય દરમિયાન મુંબઈ સ્ટેટમાં નિવાલ્દા ગામે 17 ફેબ્રુઆરી 1958ના રોજ આ પ્રાથમિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે આ શાળામાં ધો.1થી 4ના ઓરડા વાંસની કામળીના ખપેડા અને લીપણથી બનેલા હતા. બાદમાં ગુજરાત રાજ્ય અલગ થયું અને શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવતા આજે આ શાળા હાઈટેક અને ડિજિટલ યુગમાં પ્રવેશી ચૂકી છે. હાલમાં 'સ્કૂલ ઓફ એક્સલન્સ' (SOE) તરીકે ઓળખાતી આ શાળામાં ધોરણ 1થી 8માં કુલ 541 વિદ્યાર્થી (312 કુમાર અને 229 કન્યા) અભ્યાસ કરી રહ્યાં છે. વિદ્યાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ આ શાળા તાલુકામાં પ્રથમ અને જિલ્લામાં બીજા ક્રમે આવે છે. શાળામાં આચાર્ય સહિત કુલ 13 સ્ટાફ મિત્રો બાળકોના શિક્ષણ અને ઘડતરનું કાર્ય કરી રહ્યા છે. આ શાળાની સૌથી મોટી વિશેષતા એ છે કે, આ વર્ષે અન્ય શાળાઓમાંથી કુલ 111 બાળકનાં એડમિશન થયાં છે, જેમાંથી 45 વિદ્યાર્થીએ ખાનગી શાળાઓ છોડીને નિવાલ્દા પ્રાથમિક શાળા પર પસંદગી ઉતારી છે. શાળાનું શૈક્ષણિક વાતાવરણ ઉત્તમ હોવાથી આજુબાજુના અંદાજે 20થી 25 ગામોમાંથી બાળકો અહીં અભ્યાસ માટે આવે છે. શાળાના તમામ વર્ગોમાં સ્માર્ટ ટીવી અને સ્માર્ટ બોર્ડની સુવિધા છે, જેના દ્વારા બાળકો દેશ-વિદેશની શૈક્ષણિક માહિતી મેળવે છે. ધો.1થી 5નાં બાળકો સ્માર્ટ ટીવી દ્વારા ઓનલાઈન અભ્યાસ કરે છે, જ્યારે ધો.6થી 8ના વિદ્યાર્થીઓ સ્માર્ટ બોર્ડ પર પોતાની કુનેહથી સ્વયંભૂ શિક્ષણ મેળવી રહ્યાં છે. ડિજિટલ શિક્ષણની આ પદ્ધતિથી બાળકોની બૌદ્ધિક ક્ષમતામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. શૈક્ષણિક સિદ્ધિઓની વાત કરીએ તો, ગયા વર્ષે જ્ઞાન સાધના પરીક્ષામાં 14 અને CET પરીક્ષામાં 16 બાળકો મેરિટમાં આવ્યાં હતાં, તેમજ NMMS (ધોરણ-8)માં 23 બાળકો ઉત્તીર્ણ થયાં છે. રાજ્યના મુખ્યમંત્રી દ્વારા પણ બાહ્ય પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ લાવવા બદલ શાળાને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવી છે. શિક્ષણની સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ આ શાળા મોખરે છે. અહીંના વિદ્યાર્થીઓ કલા મહાકુંભ, ખેલ મહાકુંભ અને વિજ્ઞાન મેળામાં જિલ્લા કક્ષા સુધી પહોંચ્યા છે. સરકારના 'બેગલેશ ડે' ના અમલીકરણથી દર શનિવારે બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. શાળામાં આધુનિક સાયન્સ લેબ, કોમ્પ્યુટર લેબ અને સુરક્ષા માટે ફાયર સેફ્ટીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મધ્યાહન ભોજન ઉપરાંત મુખ્યમંત્રી અલ્પાહાર યોજના હેઠળ બાળકોને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવે છે. છેલ્લાં 11 વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવતા 49 વર્ષીય રામજીભાઈ હીરાભાઈ વસાવા ગૌરવ સાથે જણાવે છે કે, આ વિદ્યાધામમાં અમે દરેક બાળકને શિક્ષણ દ્વારા નવા રૂપરંગમાં સજાવી દેશનો શ્રેષ્ઠ નાગરિક બનાવવા તત્પર છીએ, કારણ કે આજનું બાળક જ આવતીકાલની સાચી ધરોહર છે.

# નિવાલ્દાની સેન્ટ ઝેવિયર્સ શાળા: આદિવાસી શિક્ષણ અને આધુનિક સંશોધનનો સંગમ











(માહિતી સંકલન અને તસવીરઃ પરેશ બારીયા-ડેડિયાપાડા)

નિવાલ્દા ખાતે વર્ષ 1984માં 'આદિવાસી સામાજિક કેન્દ્ર એજ્યુકેશનલ સોસાયટી' દ્વારા સેન્ટ ઝેવિયર્સ શાળાની સ્થાપના કરવામાં આવી હતી. ચાર દાયકા પહેલા આદિવાસી સમાજની શૈક્ષણિક જરૂરિયાતોને ધ્યાને રાખીને શરૂ થયેલી આ સંસ્થામાં આજે ધોરણ 6થી 12ના કુલ 1020 જેટલાં આદિવાસી બાળકો અભ્યાસ કરી રહ્યાં છે. શાળાના શૈક્ષણિક માળખાની વાત કરીએ તો, હાલ ધોરણ 9થી 12માં 770 વિદ્યાર્થીઓ છે, જેમાં દરેક ધોરણમાં ત્રણ-ત્રણ વર્ગો ચાલે છે, જ્યારે સંસ્થાના ખાનગી વિભાગ હેઠળ ધોરણ 6થી 8માં 250 જેટલાં બાળકો શિક્ષણ મેળવી રહ્યાં છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ શાળામાં 52 જેટલા રૂમોમાં વર્ગખંડો, આચાર્ય ઓફિસ, સ્ટાફ રૂમ, કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ ક્લાસ, મેથ્સ લેબ અને સ્પોર્ટ્સ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને ધોરણ 9થી 12ના તમામ વર્ગોમાં 12 સ્માર્ટ બોર્ડના માધ્યમથી બાળકો ડિજિટલ શિક્ષણ મેળવી રહ્યા છે. શાળામાં અભ્યાસ કરતાં 95 ટકા બાળકો આદિવાસી સમાજનાં છે, જેમના માટે સંકુલમાં જ હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે, જ્યાં 300 કન્યાઓ અને 300 કુમારો રહીને અભ્યાસ કરી રહ્યાં છે. આ શાળાની મુખ્ય વિશેષતા તેનું શ્રેષ્ઠ પરિણામ છે; ધોરણ 10 અને 12ના સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહમાં બોર્ડનું પરિણામ સતત 80થી 100 ટકાની વચ્ચે આવે છે, જે વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી બનાવવામાં મદદરૂપ થાય છે. શાળાની આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2023-24માં પ્રથમ ક્રમ સાથે રૂ. 5 લાખ અને વર્ષ 2019-20માં દ્વિતીય ક્રમ સાથે રૂ.3 લાખનો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. શૈક્ષણિક ક્ષેત્ર ઉપરાંત વિજ્ઞાન મેળામાં પણ અહીંના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાએ સિદ્ધિ મેળવી છે અને રાષ્ટ્રીય કક્ષાએ ત્રણ વાર પ્રતિનિધિત્વ કરવાની તક મેળવી છે. રમતગમત ક્ષેત્રે પણ આ શાળાના બાળકો અત્યંત પ્રભાવી રહ્યા છે. ખેલ મહાકુંભની રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં ડંકો વગાડવાની સાથે વર્ષ 2020માં વિદ્યાર્થીઓએ 19 હજારથી વધુનાં રોકડ ઈનામો જિત્યાં હતાં, જેના આધારે શાળાને બે વર્ષ માટે રમતગમત ક્ષેત્રે 'બેસ્ટ સ્કૂલ' તરીકે પસંદ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, વર્ષ-2017માં ધોરણ-9ના વિદ્યાર્થી પ્રતીક વસાવાએ કરાટેમાં રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બની શાળાનું નામ રોશન કર્યું હતું. ટેક્નોલોજીના યુગમાં નીતિ આયોગ દ્વારા અહીં 4 જુલાઈ-2019ના રોજ 'અટલ ટિંકરિંગ લેબ' કાર્યરત કરવામાં આવી છે, જેને નવેમ્બર 2019માં રાજ્ય કક્ષાએ 'બેસ્ટ કાર્યરત અટલ લેબ'નું બિરુદ મળ્યું હતું. આ લેબમાં નિષ્ણાતો દ્વારા તાલીમ મેળવીને બાળકો રોબોટિક્સ પ્રોજેક્ટ્સ, સ્માર્ટ અંધજન લાકડી અને સેન્સરવાળી ગાડી જેવાં અત્યાધુનિક સંશોધનો કરી રહ્યાં છે. શાળાના આચાર્ય પ્રવીણભાઈ એન. વસાવા જણાવે છે કે, હાઈટેક અને અદ્યતન સુવિધાઓ દ્વારા આદિવાસી બાળકોને વૈજ્ઞાનિક અભિગમ સાથે તૈયાર કરી રાજ્યમાં શ્રેષ્ઠ સ્થાન અપાવવું એ જ અમારો મુખ્ય ઉદ્દેશ છે.